ગાંધીનગર સમાચાર

સિવિલ હોસ્પિટલમાં ડોકટરોની ઘટ કયારે પુરાશે...?

# સચિવાલયમાં ડીવાયએસો દ્વારા લાખોની ઉચાપત

**કર્મચારીઓના પગારના ખોટા બિલો રજુ કરી બે વર્ષમાં ૩૩.૧૨ લાખની ઉચાપત કરી હોવાનુ પ્રાથમિક તપાસમાં ખુલતા ગુનો દાખલ**

ગાંધીનગર, તા. ૨૮

નવા સચિવાલયના બ્લોક નં. ૭ વિજ્ઞાન અને પ્રાધોગિક વિભાગમાં નોકરી કરતાં નાયબ સેક્શન અધિકારી (ડીવાયએસઓ)એ કર્મચારીઓના ખોટા બિલો રજુ કરીને લાખો રૂપિયાની ઉચાપત કરી લીધી હોવાનું વિભાગના ધ્યાને આવ્યું છે. જેને પગલે સાત અધિકારીઓની કમિટીએ તપાસ કરી તો બે વર્ષમાં ૩૩.૧૨ લાખ રૂપિયાની ઉચાપત કરી હોવાનું પ્રાથમિક દ્દષ્ટિએ બહાર આવ્યું છે. આ મામલે ડીવાયએસઓ સામે સે. ૭ પોલીસમથકમાં ફરીયાદ નોંધાતા પી.આઈ. ડી.જી. સોઢાએ ઊંડી તપાસ શરૂ કરી છે.

નવા સચિવાલયના બ્લોક નં. ૭ ખાતે આવેલા વિજ્ઞાન અને પ્રાધોગિક વિભાગના નાયબ સેક્શન અધિકારી ડી.એલ. સોલંકી સામે સેક્ટર-૭ પોલીસમથકમાં લાખો રૂપિયાની સરકારના નાણાની ઉચાપતનો ગુનો નોંધાવા પામ્યો છે. એકાઉન્ટન્ટ મનોજભાઈ કનુભાઈ વાઘે નોંધાવેલી પોલીસ ફરિયાદ મુજબ ડી.એલ. સોલંકીએ એપ્રીલ ૨૦૧૨ થી જુલાઈ-૨૦૧૪ દરમ્યાનના સમયગાળામાં કર્મચારીઓના ખોટા પગાર બીલો રજુ કરીને પગારની રકમમાં ગોટાળા કરી રૂ. ૩૩,૧૨,૧૪૨ જેટલી માતબર રકમની ઉચાપત કરી લીધી છે. આ બાબત વિભાગના ધ્યાને આવતા સાત અધિકારીઓની કમીટી બનાવી તપાસ કરવામાં આવી હતી. તેમાં ગોટાળો ધ્યાને આવ્યો અને પ્રાથમિક તપાસમાં રૂ. ૩૩.૧૨ લાખની ઉચાપતની રકમ બહાર આવી છે. પોલીસે ગુનો દાખલ કરી સિનિ. પી.આી. ડી.ડી. સોઢાએ ગુનાની ઊંડી તપાસ આરંભી છે. તેમની તપાસમાં ઉચાપતની રકમનો આંકડો વધે તેવી શક્યતા નકારી શકાય નહી..!

## @ગાંધીનગર

● શ્રીરંગ અવધૂત પરિવાર દ્વારા દિપકભાઈ કંસારાના નિવાસસ્થાન પ્લોટ નં. ૫૧૪/૨ વિરાટનગર સોસાયટી સેક્ટર-૨૩ ખાતે સવારના ૭.૦૦ થી ૧૨.૦૦ કલાક દરમિયાન દત્ત બાવનીના પાઠ યોજાશે.

● તાવરિયાજી ગૃપ દ્વારા સવારે ૮.૦૦ કલાકે સેક્ટર-૧૨, બલરામ મંદિર ખાતે લયબદ્ધ શ્વસન દ્વારા નિઃશુલ્ક પણે કાર્યક્રમ યોજાશે.

● ફેબ્લુલસ ફુડીર્સ ક્લબ દ્વારા સેક્ટર-૨૫ કેમ્બવે રીસોર્ટ ખાતે બપોરે ૨.૩૦ થી ૫.૦૦ કલાક દરમિયાન લાઈવ રસોઈ શો નો કાર્યક્રમ યોજાશે.

## વાતવાતમાં

● કલોલના ડી. વાય. એસ. પી. અતુલ બારોટના સુપુત્ર રુતુરાજ બારોટે વિદેશમાં યોજાયેલી ૨૫ મીટર રેપીડ ફાયર પિસ્તોલમાં મેડલ મેળવ્યો છે. રુતુરાજે વિદેશમાં શુટીંગ સ્પર્ધામાં મેડલ મેળવી ગુજરાતનું ગૌરવ વધારતા પરિવારમાં આનંદ છવાયો છે.

● ધી એમ્પ્લોયમેન્ટ એન્ડ ટ્રેનીંગ ઓફિસીસ કો. ઓ. ક્રેડીટ સોસાયટી લી. ગાંધીનગરની વાર્ષિક સામાન્ય સભા આજરોજ ટાઉનહોલ ખાતે યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં સોસાયટીના સભ્યો હાજર રહ્યા હતા.

● ગાંધીનગર ટાઉનહોલ ખાતે બપોરના સુમારે માય રીચાર્જ સર્વિસ દ્વારા ધ વિનર ડીજીટલ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે માય રિચાર્જ પ્રા. લી. એમ. ડી. અશોક કુલલહારીએ હાજર સૌને સવિસ્તાર માર્ગદર્શન પુરું પાડ્યું હતું.

# વાવોલનાં આધેડનો દંતાલી કેનાલમાં આપઘાત

**ભત્રીજાએ પોલીસને જાણ કરતાં અડાલજ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી : ધંધો ચાલતો ન હોવાથી આપઘાત કર્યો હોવાની આશંકા**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરને અડીને આવેલા ન્યુ વાવોલની એક સોસાયટીમાં રહેતા ૪૧ વર્ષિય આધેડે કોઈ અગમ્ય કારણોસર દંતાલી નર્મદા કેનાલમાં ઝંપલાવી આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. ભત્રીજાને ઘટનાની જાણ થતા કેનાલ પાસે પહોંચી પોલીસને જાણ કરી બોલાવી લીધી હતી. અડાલજ પોલીસે આ બનાવ અંગે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતદેહ પી.એમ. કરાવી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં વેપાર-ધંધો ચાલતો ન હોવાથી આધેડે આપઘાત કર્યો હોવાની આશંકા છે.

ન્યુ વાવોલમાં સ્થિત સંકલ્પ રેસીડેન્સી ફ્લેટ નં. જે-૩૦૩ ખાતે રહેતા ૪૧ વર્ષિય ભોળાભાઈ જોયતાભાઈ પટેલે આજે સવારના અરસામાં કોઈ કારણોસર અડાલજ પાસેથી પસાર થતી દંતાલી નર્મદા કેનાલમાં પડતુ મુક્યુ હતુ. ભોળાભાઈનું કેનાલના પાણીમાં ડુબી જવાથી મૃત્યુ થયુ હોવાનું તેમના ભત્રીજા વિપુલ પટેલને ધ્યાને આવતા તે સ્થળ પર પહોંચી ગયો હતો અને અડાલજ પોલીસને સમગ્ર ઘટના અંગે જાણ કરી બોલાવી લીધી હતી. પોલીસે કેનાલ સિક્યુરીટી ગાર્ડની મદદ લઈ મૃતદેહ બહાર કઢાવી પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને આપઘાતનું કારણ બહાર લાવવા હેડ કોન્સ્ટેબલ નરેન્દ્રભાઈએ તપાસ આરંભી છે. જો કે હજુ સુધી સ્પષ્ટ કારણ બહાર આવી શક્યુ નથી. પરંતુ પરીવારજનોનું કહેવું છે કે ચાંદખેડા તેમને દુકાન હતી તેમાં ધંધો ચાલતો ન હતો તેથી સુનમુન રહેતા હતા.

## અંબાપુર કેનાલમાંથી મહિલાનો બિનવારસી મૃતદેહ મળ્યો

અડાલજ નજીક અંબાપુરથી અમીયાપુર નર્મદા કેનાલમાંથી ગઈ સાંજે બિનવારસી મહિલાનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. આશરે ૨૫ થી ૩૦ વર્ષની ઉંમરની અજાણી મહિલા કોણ છે ? તેની ઓળખ માટે અડાલજ પોલીસમથકના જમાદાર મુળજીભાઈએ તપાસ આરંભી છે. શરીરે પીળા રંગની ફુલ ડીઝાઈનની સાડી પહેરેલી છે. પોલીસે મૃતદેહ પી.એમ. કરાવી વધુ તપાસ શરૂ કરી છે.

## પેન્શનર્સ સમાજ દ્વારા તેજસ્વી બાળકોનું સન્માન કરાશે

ગાંધીનગર, તા. ૨૮

સેક્ટર-૨, પેન્શનર્સ સમાજની માસિક બેઠક તાજેતરમાં યોજાઈ હતી. જેમાં શહેરને લગતા વિવિધ પ્રશ્નોની ચર્ચા-વિચારણા કરાઈ હતી. આ સાથે ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા આજીવન પેન્શનર્સ સભ્યોના પૌત્ર અને પૌત્રીઓને સન્માનવામાં આવે તેવી પણ ચર્ચા કરાઈ હતી. ચર્ચાના અંતે આ સન્માન સમારોહમાં ધોરણ-૧ થી ૯માં ૭૫ ટકા કે તેથી વધુ ટકા મેળવનાર વિદ્યાર્થીઓને સન્માનવામાં આવશે.

સેક્ટર-૨ સંસ્થાના આજીવન સભ્યોના પૌત્ર-પૌત્રીની માર્કશીટ આગામી તા. ૧૦ જૂન સુધીમાં નિરંજન ઓઝા ફોન નં. ૨૩૨-૨૫૭૬૫, અમીધર જરદોશ મો. નં. ૯૯૦૪૧૫૭૧૩૫, એમ.જી. ચૌહાણ મો. નં. ૯૪૨૮૦૪૯૫૬૦ ઉપર સંપર્ક સાંધી માર્કશીટ મોકલવાની રહેશે.

## સેક્ટર-૨૮ એન્જીનીયરીંગ એસ્ટેટ ખાતે નગરસેવકોને સન્માનવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૨૮

સેક્ટર-૨૮ સ્થિત એન્જીનીયરીંગ એસ્ટેટના એસોસીએશનના કોમ્યુનિટી હોલ ખાતે મહાનગર પાલિકાની ચૂંટણીમાં વિજયી થયેલા નગરસેવકોનો સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મેયર પ્રવિણભાઈ પટેલ, ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન મનુભાઈ પટેલ તેમજ વોર્ડના કોર્પોરેટર નિતિનભાઈ પટેલ, હર્ષાબા ધાંધલ અને બરખાબેન ઝા સહિતના નગરસેવકોને સન્માનવામાં આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન એસ્ટેટના મહામંત્રી મનહરભાઈ પટેલે કર્યું હતું. આ કાર્યક્રમમાં એસ્ટેટના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અંતે એસ્ટેટના પ્રમુખ બળદેવભાઈ ચૌધરીએ આભારવિધિ કરી હતી.

# સિવિલ હોસ્પિટલમાં ડોકટરોની ઘટ કયારે પુરાશે...?

**ઘટ હોવા છતા અર્બન હેલ્થ ડિસ્પેન્સરીના બે ડોકટર હોસ્પિટલમાં હાજર થતા નથી**

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલમાં ડોકટર્સની ઘટ વર્તાઈ રહી છે. ડોકટરોની ઘટ હોવા છતા સિવિલ હોસ્પિટલમાં બદલી પામેલા બે અર્બન હેલ્થ ડિસ્પેન્સરીના ડોકટર્સ જાણે કોઈની રાહ જોતા હોય તેવું લાગી રહ્યું છે. હોસ્પિટલમાં બે ડોકટર્સ ફરજ પર હાજર થઈ ગયા છે તો અન્ય ડોકટરને શું વાધો પડ્યો છે તે હજુ સુધી કોઈ જાણી શકયું નથી જેને લઈ સમગ્ર સમસ્યાનું કોકડું ગુંચવાયું છે.



ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજજારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. મેડીકલ કોલેજને પગલે દર્દીઓને મળતી માળખાકીય સુવિધા માત્ર ને માત્ર કાગળ પર જ હોય તેવું લાગી રહ્યું છે. ત્યારે સિવિલના અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ડોકટરોની ઘટને પગલે દર્દીઓને પરેશાની ભોગવવી પડે છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આઈસીયું અને તાત્કાલીક વિભાગ સતત ધમધમતો રહે છે. જયારે આઈસીયુ વોર્ડમાં પહેલા કરતા પથારીમાં વધારો કરવામાં આવ્યો છે. જેને પગલે તંત્ર દ્વારા જરુરી ડોકટરોની ફોજ સતત રાઉન્ડ કલોક ફરજ બજાવે છે. દર્દીઓના ધસારાને લઈ અત્યારે હાલ ડોકટર્સ છે તેટલા પણ ઓછા પડતા હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. ત્યારે ગાંધીનગર આવેલ ૪ અર્બન હેલ્થ ડિસ્પેન્સરીમાંથી ચાર ડોકટર્સની તંત્ર દ્વારા બદલી કરવામાં આવી છે. આ ડોકટર્સ ડિસ્પેન્સરીમાં ફરજ બજાવતા હતા પરંતુ ઘટને પગલે તંત્ર દ્વારા બદલીના હુકમો થતા બે ડોકટર્સ હોસ્પિટલમાં હાજર થઈ ગયા છે જયારે બે ડોકટર હજુ પણ હાજર થતા નથી અને જાણે યોગ્ય સમયની રાહ જોતા હોય તેવું લાગી રહ્યું છે. તેમની સમસ્યા જાણી ન શકાતા સમગ્ર કોકડું ગુંચવાયું છે. હોસ્પિટલમાં ડોકટર્સ આવે તો તંત્રને પણ રાહત તેમજ અન્ય ડોકટર્સને પણ રાહત મળે જયારે દર્દીઓને પણ ડોકટરની સારવારનો લાભ મળે તેવા સમયે ડોકટર જ હાજર ના થતા અત્યારે હાલ તો તંત્ર પણ તેઓ હાજર થાય તેની રાહ જોઈને બેઠા છે...

## માણસામાં રહેતા ધોરણ-૧૨નાં વિદ્યાર્થીનો પરિણામ બાદ ગળે ફાંસો

**ઈન્ટરનેટ ઉપર પરિણામ જોયું ને ફેઈલ દેખાતા નાસપાસ થઈ ગયો ને તેને આપઘાત કરી લેતા ચકચાર**

માણસાના ઘનશ્યામનગર સોસાયટીમાં રહેતા કેયુર જગદીશભાઈ વ્યાસે ધોરણ-૧૨ની પરીક્ષા આપી હતી. આજે ધોરણ-૧૨ આર્ટ્સ અને કોમર્સનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. કેયુરે પોતાનું પરિણામ ઈન્ટરનેટ પર જોયું અને પોતે નાપાસ હોવાનું જાણતા નાસીપાસ થઈ ગયો હતો. ઘરના ઉપરના માળે જઈને દરવાજો અંદરથી બંધ કરી કેયુરે ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતા ચકચાર મચી જવા પામી છે.

આજે સવારે કેયુરના પિતાએ ચા-નાસ્તો કરતી વખતે પરિણામ કેટલા વાગે આવશે તે અંગે વાતચીત કરી હતી. કેયુરે બપોરે બે વાગે પરિણામ જાહેર થશે તેમ જણાવતા પિતા ધંધાના કામ અર્થે બહાર નિકળી ગયા હતા અને બે વાગે પરત આવીશ તેમ કહી અમદાવાદ ગયા હતા. દરમિયાન ઘરે તેની બહેન એકલી હતી અને તેણીએ કેયુરનું પરિણામ ઈન્ટરનેટ ઉપર જોયું હતું. કેયુર પણ ત્યારે હાજર હતો. પરિણામ નાપાસ હોવાનું જાણતા તેને લાગી આવ્યું હતું અને ઘરના ઉપરના માળે જઈ દરવાજો બંધ કરી દીધો હતો. ઘણો સમય બાદ પણ તે નીચેના રૂમમાં ન આવતા બહેને જઈ તપાસ કરી તો દરવાજો અંદરથી બંધ હતો. દરવાજો ખખડાવ્યો પરંતુ કોઈ અવાજ ન આવતા પડોશીઓને બોલાવ્યા. દરવાજો તોડીને જોયું તો તે પંખે લટકી ગયેલો જોવા મળ્યો હતો. ગળેફાંસો ખાઈ વિદ્યાર્થી કેયુરના આપઘાતના સમાચારથી માણસા પંથકમાં ગમગીની છવાઈ જવા પામી છે.



જીવન તમારું ત્યારે સુંદર બને છે જયારે તમે ખુશ રહો છો, પરંતુ જીવન તમારું ત્યારે ઉત્તમ બને છે જયારે તમારા કારણે બીજા કોઈ ખુશ થાય છે. એમાં પણ જયારે અબોલ જીવોની કોઈ ફિકર કરે છે, તેમની તૃષા છીપાવે છે. તો તેનાથી મોટું કોઈ ધર્મ કાર્ય નથી હોતું. કાળઝાળ ગરમીમાં કોઈકની તરસ છીપાવવી પછી ભલે તે માનવી હોય કે પશુ-પંખી તે સૌથી શ્રેષ્ઠ કાર્ય છે. ગાંધીનગરના સેક્ટર-૭માં રહેતા જીવદયાપ્રેમી નરેન્દ્ર રાવલ આવો જ અનોખો સ્વભાવ ધરાવે છે. છેલ્લા ૧૮ વર્ષથી દર ઉનાળામાં સતત પક્ષી પરબનું વિતરણ કરતા નરેન્દ્ર રાવલે તેમના સ્વર્ગસ્થ પિતાશ્રીની તૃતીય માસિક પૂણ્યતિથિએ પક્ષીઓ ઉપરાંત માનવીઓની પણ તૃષા સંતોષી હતી. તેમણે પોતાના ધર્મપત્નિ કપિલાબેન સાથે મળીને જુના સચિવાલયના બ્લોક નં. ૧ પાસે આજે ૧૦૦ લીટર છાશ રાહદારીઓને નિઃશુલ્ક પીવડાવી હતી. સાથે સાથે ૨૦૦ જેટલા ચકલોડિયાનું પણ વિતરણ કર્યું હતું.

# પેથાપુરમાં સફાઈ કામગીરીના નામે મીંડુ, ઠેર ઠેર કચરાના ઢગ

ગાંધીનગર, તા. ૨૮

એક બાજુ ભાજપ સરકાર સ્વચ્છતા અંગેની ઝુંબેશ ચલાવે છે ત્યારે પેથાપુર નગરપાલિકા સ્વચ્છતા માટે આંખ આડા કાન કરે છે. પેથાપુર વિસ્તારમાં મોટામાં મોટી સમસ્યા ગંદકીની છે. જયાં જુઓ ત્યાં ગંદકીના ઢગ નજરે પડે છે. મહોલ્લા અને સોસાયટીઓ ગંદકીથી ખદબદે છે. આ વિસ્તારમાં સફાઈ વ્યવસ્થા ગોઠવાય તેવી પ્રબળ માંગ કરાઈ છે.

પેથાપુર વિસ્તારના જાગૃત નાગરિક ભરતભાઈ પંડ્યાએ આ અંગે જણાવ્યું હતું કે પેથાપુર વિસ્તારમાં સફાઈ વ્યવસ્થાના અભાવ વચ્ચે નજર નાંખો ત્યાં ગંદકીના ઢગ ખડકાયા છે. સફાઈ કામદારો પણ દેખાતા નથી. પેથાપુર વિસ્તારના મહોલ્લા અને સોસાયટીઓ ગંદકીથી ખદબદી રહ્યા છે. કચરાપેટીઓ ગંદકીના ઢગથી ઉભરાઈ રહી છે. આ પરિસ્થિતિમાં લોકો કચરો કચરાપેટીની બહાર નાંખે છે. જેથી ગાયોનો પણ ખૂબ ત્રાસ વધી ગયેલો જોવા મળી રહ્યો છે. તેમજ ગંદકીને લઈ અનેક પ્રકારની સમસ્યાઓનો સામનો કરવો પડતો હોવાથી સમસ્યાનું નિરાકરણ લાવવા પેથાપુર વિસ્તારના જાગૃત નાગરિકે નગરપાલિકા સમક્ષ કચરાપેટી મહોલ્લા અને સોસાયટીઓની સાફસુફી અંગે તાતી માંગ કરી છે.

## શ્રી સ્વામીનારાયણ પબ્લીક સ્કૂલનું ગૌરવ



શ્રી સ્વામીનારાયણ પબ્લીક સ્કૂલમાં અભ્યાસ કરતા ધ્યેય ચાંપાનેરીએ ધો. ૧૦ની પરીક્ષામાં એ-૧ ગ્રેડ પ્રાપ્ત કરી શાળા તથા પરિવારનું ગૌરવ વધાર્યું છે.

## કોલવડાનું ગૌરવ હર્ષ પરમાર

ગાંધીનગર, તા. ૨૮

માર્ચ મહિનામાં લેવાયેલ એસ.એસ.સી. બોર્ડની પરીક્ષાનું પરિણામ તાજેતરમાં જાહેર થયું છે.



જેમાં કોલવડા ગામમાં રહેતા હર્ષ પરમારે ૬૦૦ ગુણમાંથી ૫૧૮ ગુણ પ્રાપ્ત કરી શાળામાં પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. કોલવડા ગામ સ્થિત કે.કે. પટેલ વિદ્યાલયમાં અભ્યાસ કરતા હર્ષ પરમારે ઉચ્ચ ગુણ પ્રાપ્ત કરી શાળાનું તેમજ પરિવારનું ગૌરવ વધાર્યું છે. જે બદલ સમગ્ર શાળા પરિવાર દ્વારા તેજસ્વી વિદ્યાર્થીને અભિનંદન પાઠવ્યા છે.

# કાળઝાળ ગરમીએ વેકેશનની મઝા બગાડી

**બહાર નીકળવું જ મુશ્કેલ બનતા ઘરઆગણાંની રમતો રમી શક્યા નહીં, નિર્દોષ બચપન મોબાઈલ - કમ્પ્યુટરમાં સમાયું**

ગાંધીનગર, તા. ૨૮

શાળા અને કોલેજોમાં વેકેશન શરૂ થતાં જ વિદ્યાર્થીઓ આઝાદ થયા હોય તેવો આનંદ વ્યક્ત કરે છે. અભ્યાસ દરમિયાન શાળા અને ટ્યૂશન તેમજ હોમવર્કમાં જ રચ્યા પચ્યા રહી અન્ય બાબતોથી વિમુખ થયેલા બાળકો વેકેશનના ભરપૂર મૂડમાં હોય છે. જેમાં ચાલુ વર્ષે રેકોર્ડ તોડ ગરમી પડતા બાળકોનું વેકેશન તેમાં હોમાઈ ગયું છે. પ્રચંડ ગરમીના કારણે ઘરની બહાર જ ન નીકળવા મળતાં નિર્દોષ બચપણ મોબાઈલ અને કોમ્પ્યુટર પૂરતું સિમિત બની ગયું હતું અને ઘરઆંગણે રમાતી રમતોથી વંચિત રહ્યા છે. જેથી હવે ટૂંક સમયમાં શાળાઓ શરૂ થવાની છે ત્યારે વેકેશનની મજા ન માણવાનો વસવસો બાળકોમાં ઉભો થયો છે.

ચાલુ વર્ષના આકરા ઉનાળાના તાપે અભ્યાસુ બાળકોનું વેકેશન પણ ભરખી લીધું છે. વર્ષ દરમિયાન શાળામાં બે વેકેશન હોય છે. જેમાં ઉનાળામાં વેકેશનના દિવસો વધારે હોય છે. જેથી બાળકો હરવા - ફરવાના સ્થળો તથા ઘરઆંગણે મિત્રો સાથે નિર્દોષ રમતો રમી મનોરંજન મેળવી વેકેશનની ભરપૂર મજા લેતા હોય છે. પરંતુ આ વર્ષે પ્રચંડ ગરમીએ કાળોકેર વરતાવતાં ઘરની બહાર નીકળવું પણ મુશ્કેલભર્યું બનતા વાલીઓએ પોતાના સંતાનોના સ્વાસ્થ્યને ધ્યાને રાખી બહાર નીકળવા ઉપર પ્રતિબંધ જ લાદી દીધો હતો. જેથી વેકેશન દરમિયાન બાળકો ફક્ત મોબાઈલ, ટીવી અને કોમ્પ્યુટર પર જ સમય વીતાવતાં જોવા મળ્યા હતા. જેથી વેકેશનની મજા માણવાના બદલે ઘરમાં પૂરાઈ રહેવાની સજા થઈ હતી.

વેકેશન દરમિયાન ક્રિકેટ એ સૌથી વધુ રમાતી રમત બની છે પરંતુ આકરી ગરમીમાં ક્રિકેટ પણ રમી શકાઈ નથી તો ઘરઆંગણાની રમતો જેવી કે લખોટી, ગિલ્લીદંડા, પકડદાવ, થપ્પો, ખો-ખો, કબડ્ડી વગેરે પણ ગરમીના કારણે રમી શકાઈ નથી. જેથી ધોરણ-૧થી ધોરણ-૯ સુધીના બાળકોને વેકેશનમાં મજા ન મળવાનો અફસોસ રહ્યો છે. વાલી વર્ગ પણ પોતાના સંતાનનું નિર્દોષ બચપણ હરવા - ફરવા અને મોજ-મજામાં પસાર થાય તેવું ઈચ્છતા હોય છે જેથી વેકેશન દરમિયાન તેઓ પણ ટકોર કરતાં નથી. પરંતુ કાળઝાળ ગરમી એ બચપણને પણ બાનમાં લઈ લીધું હતું. આમ વેકેશન ગરમીના દિવસોમાં પસાર થઈ ગયું છે અને ટૂંક સમયમાં શાળા-કૉલેજ શરૂ થવાની છે ત્યારે હતો. અભ્યાસ લગતી બાબતોની પૂર્વ તૈયારીઓમાં બાળક અને વાલી વ્યસ્ત બન્યા છે.

## ચિરવિદાય

- સ્વ. નાયી લાલાભાઈ ચંદુભાઈ, ઉ.વ.૩૬
- સ્વ. સુથાર ડાયાભાઈ આત્મારામ, ઉ.વ.૮૦
- સ્વ. પંચાલ ઉત્તમરામ પુરુષોત્તમદાસ, ઉ.વ.૯૪
- સ્વ. ચૌહાણ ચંચલબેન રેવાભાઈ, ઉ.વ.૬૪
- સ્વ. ઠાકોર કાન્તાબેન અમરતજી, ઉ.વ.૫૦
- સ્વ. શુકલ દ્રવિત મકરંદભાઈ, ઉ.વ.૪૬
- સ્વ.જાની રમાગૌરી સુરેન્દ્રનાથ, ઉ.વ.૭૯